# શહેરમાં તાજીયા જુલુસ શાંતિપૂર્ણ સંપન્ન

## યા હુસેનના નારા સાથે માર્ગો ગુંજ્યા મુસ્લિમ અગ્રણીઓએ રૂટમાં શરબત અને દૂધ કોલ્ડ્રીંકની વ્યવસ્થા કરી



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૫

ઈસ્લામ ધર્મના મહાન પેયંગબરના દોહીત્ર હઝરત ઈમામ હુસેનની શહાદતની યાદમાં આજે શહેરમાં ભવ્ય તાજીયા જુલુસ નીકળ્યું હતું. મુસ્લિમ આગેવાનો સ્થાનિક નગરસેવકો તેમજ શહેરના અગ્રણીઓની હાજરીમાં કોમી એકલાસના માહોલમાં તાજીયા જુલુસનો પ્રારંભ થયો હતો. સે. ૨૯ હુસેનીચોક ખાતેથી બપોરે ૩.૪૫ કલાકે તાજીયા જુલુસનો પ્રારંભ થયો હતો. આ યુસેનના નારા સાથે નીકળેલા તાજીયા જુલુસમાં શહેરના હિન્દુ-મુસ્લિમ ભાઈઓએ ભાઈચારાના માહોલમાં સ્વાગત કર્યુ હતું. જુલુસમાં હિન્દી-મુસ્લિમ ભાઈઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

ઈમામ હુસેને કરબલા ખાતે પોતાના સુનંદા સાથીઓ સાથે વહોરેલી શહાદતમાં આજે સે. ૨૯ હુસેની ચોક ખાતેથી ભવ્ય તાજીયા જુલુસનો પ્રારંભ થયો હતો. હુસેનીચોકમાં તાજીયા જુલુસના પ્રારંભે શહેરના મેયર મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય અશોક પટેલ, પ્રવિણભાઈ પટેલ, પૂર્વ પંચાયત મંત્રી કાસમબાપુ, બ્રહ્માકુમારીઝના કૈલાસદીદી, કોર્પોરેટર હર્ષજીત પંડ્યા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન આશિષ દવે શહેર વસાહત મહામંડળના અરૂણ વ્યાસ, સીતારામ પટેલ, પૂર્વ કલેક્ટર બી.એ. શુક્લ, વસાહત મહામંડળના પ્રમુખ કેસરીસિંહ બિહોલા, હુસેની કમિટીના પ્રમુખ બાબુભાઈ મન્સુરી ઉપરાંત વેપારી આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. યા હુસેનના નારા સાથે કોમી એખલાસના માહોલમાં તાજીયા જુલુસનો પ્રારંભ થયો હતો. સે. ૨૮ અને ચ-૫ કોર્નર પાસે શરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઢોલ-નગારાના નાદ સાથે નીકળેલા તાજીયા જુલુસને નિહાળવા નગરજનોની ભીડ વધી હતી. તાજીયા જુલુસમાં ઈમામહુસેનને શ્રદ્ધાંજલી આપવા મસીહાગાન સાથે ભાઈચારાનો સંદેશો પાઠવવામાં આવ્યો હતો. તાજીયા જુલુસ દરમિયાન જાકીર મેમણ, યાસીન વોરા, નાસીર દિવાન મહંમદ ઘાંચી, હનીફભાઈ શેખ, અતિક પિરજાદા સહીતના મુસ્લિમ આગેવાનોએ શહાદતની છબીલ બનાવવામાં સહયોગ પુરો પાડ્યો હતો. કોમી એકલાસ અને શાંતિપૂર્ણ માહોલમાં તાજીયા જુલુસ સંપન્ન થયું હતું.

### કોંગ્રેસના અગ્રણીઓએ પણ તાજીયા-જુલુસનુ સ્વાગત કર્યુ

શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનોએ પણ ઈમામ હુસેનની શહાદતની યાદમાં યોજાયેલા તાજીયા જુલુસ પ્રસંગે હાજરી આપી શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ તબક્કે જિલ્લા કોંગ્રેસના પ્રમુખ જશુભા રાણા, નિશિત વ્યાસ, શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલ, ચિમન વિંઝુડા, મિતુલ જોષી, અશોક શ્રીમાળી, હર્ષજીત પંડ્યા, તેમજ કે.પી. સોલંકીએ તાજીયા જુલુસનું સ્વાગત કર્યું હતું.

### ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરના બે ખેલાડીઓએ એશીયન ગેમ્સમાં બે ચંદ્રકો જીત્યા છે. તેમનું સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સંકુલ ખાતે સન્માન કરાયું હતું.
- આજે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ગાંધીનગરના ગરિમા પાર્કને ખુલ્લો મુકશે તો મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ કલોલમાં ૫૦ કરોડથી વધુના વિકાસ કામોનું શિલાન્યાસ કરશે.
- વિપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ પત્રકારો માટે ૧૯મીએ સ્નેહમિલન સમારોહ રાખ્યો છે.
- આજે પ્રજાપિતા બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે અકસ્માતમાં મૃત્યુ પામેલા દિવંગતો માટે તેમજ તેમના પરિવારોને શાંતિ મળે તે માટે ઈશ્વરીય પ્રાર્થનાનું આયોજન કરાયું છે.
- જિલ્લામાં છેલ્લા બે દિવસથી ઠંડીનું પ્રમાણ વધતાં ગરમ વસ્ત્રોના બજારમાં તેજી આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં શિક્ષકોની વધ ઘટની બદલીનો કેમ્પ યોજવા અંગેના ચક્રો ગતિમાન કરાયા છે. આગામી સપ્તાહમાં આ કેમ્પનું આયોજન કરાશે.
- ગાંધીનગરમાં રખડતા પશુઓની સમસ્યા પણ સત્તાવાળાઓ માટે હવે શિરદર્દ બની છે.

# ઉર્જા સંરક્ષણ-બચત માટે 'ઉર્જા મિત્ર વાન'

## જેડાની વાન ઉદ્યોગો ઉપરાંત શૈક્ષણિક સંકુલોમાં વિઝીટ લેશે : ઉર્જા સંરક્ષણ અંગે લોકજાગૃતિ કેળવાશે



ગાંધીનગર, તા.૧૫

ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી દ્વારા ઉર્જા સંરક્ષણ અને બચત ઝડપથી થાય તેમજ આ અંગે લોકજાગૃતિ કેળવાય તેવા આશયથી આજે 'ઉર્જા મિત્ર'વાન ખુલ્લી મુકવામાં આવી હતી. ઉર્જા મંત્રી સૌરભ પટેલે આ વાનને ઉદ્યોગભવન ખાતે લીલી ઝંડી આપી હતી. અંદાજિત રૂ. ૪૦ લાખના ખર્ચે તૈયાર થયેલી આ વાનમાં ઉર્જા કાર્યરત લાઈટીંગ ડેમો કીટ, વોટર પમ્પીંગ કીટ એનર્જી અંગેની પુસ્તિકાઓ મુકવામાં આવી છે. જયારે એનર્જીના દરેક ક્ષેત્રને ધ્યાને લઈ લાઈવ નિદર્શન થઈ શકે તેવી વ્યવસ્થા પણ વાનમાં ગોઠવવામાં આવી છે. ઉર્જા મિત્ર વાન વિવિધ ઉદ્યોગ ક્ષેત્રો ઉપરાંત એન્જિનિયરીંગ અને ટેકનોલોજીના વિદ્યાર્થીઓને અપગ્રેડ કરવા નિદર્શન માટે પણ મોકલવામાં આવશે.

જેડા દ્વારા આજે એનર્જી કન્ઝર્વેશન મોબાઈલ ડેમો (ઉર્જા મિત્ર) વાનને ખુલ્લી મુકવામાં આવી હતી. ઉદ્યોગભવન ખાતે આજે સવારે ઉર્જા મંત્રી સૌરભ પટેલે ઉર્જા મિત્ર વાનને લીલી ઝંડી આપી હતી. આ તબક્કે જેડાના ચેરમેન ઈશ્વરભાઈ ભાવસાર વિભાગના નિયામક એન.એમ. અમરાણી, જોઈન્ટ ઉદ્યોગ કમિશનર એમ.ડી. શ્રીમાળી પ્રોજેકટ એકિઝકયુટીવ આર.એન. પંડયા સહિત શહેરના ઉદ્યોગપતિઓ તેમજ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ઉર્જા મિત્ર વાન અંગે પ્રોજેકટ એકિઝકયુટીવ આર.એન પંડયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે આ વાનમાં લાઈટીંગ અને વોટર પમ્પીંગ ડેમો કીટ, બિલ્ડીંગ મટીરીયલ્સ તેમજ એનર્જી ક્ષેત્રની રસપ્રદ માહિતી દર્શાવતી પુસ્તિકાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. વિવિધ ડેમો કીટના આધારે લાઈવ નિદર્શન થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઉર્જા સંરક્ષણ અને બચત અંગે જનજાગૃતિ કેળવાય તેવા આશયથી આ વાન હવે ઉદ્યોગ ક્ષેત્રે તેમજ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લેશે. વર્ષ દરમિયાન ૫૦ થી ૬૦ વિઝીટ ગોઠવવામાં આવશે. ઉર્જા ક્ષેત્રે રસપ્રદ માહિતી પુરી પાડતી મોબાઈલ વાન તૈયાર કરવા પાછળ અંદાજિત રૂ. ૪૦ લાખનો ખર્ચ થયો છે.

### ઠંડીમાં ઘટાડો

ગાંધીનગર, તા. ૧૫

ઉત્તર દિશામાંથી ફૂંકાતા ઠંડા પવનોના બદલે સુકા પવનો ફુંકાવવાનું શરૂ થતા લઘુત્તમ તાપમાન બે ડિગ્રી જેટલું વધતા ઠંડી ઘટી છે.

છેલ્લા અઠવાડિયાથી ગાંધીનગરમાં ઠંડીનો અનુભવ થતો હતો. લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીએ પહોંચી જતાં વહેલી સવારે અને મોડી સાંજે ઠંડીનો અનુભવ થતો હતો. પરંતુ એકાદ દિવસથી પવનની દિશા બદલાતા સુકા પવનો વહેવાનુ શરૂ થયું છે. જેના કારણે ઠંડી ઘટી છે. આજે લઘુત્તમ તાપમાન ૧૭.૦૦ ડિ.સે., મહત્તમ તાપમાન ૩૦.૮ ડિ.સે. અને ભેજનુંપ્રમાણ સવારે ૭૩ ટકા અને સાંજે ૫૫ ટકા રહ્યું હતું.

**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**
**NOTICE UNDER SECTION 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT - 1989**
**APPLICATION NO. 2621/2011**
Rajnikant M. Vataria ...Applicant
V/s.
Girishchandra B. Rai ... Opponent
AND
ICICI Lombard Gen. Insurance Co. Ltd. ...Insurer.
To,
Girishchandra B. Rai
Plot No. 2131, Bharati Bungalow, Opp. Vijay Super Store, Dunetha Village, Nani Daman-396210.
Where as per the Attached Application, applicant have lodged application against you to claim compensation Under Section **166 & 140 A** Of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) Of Motor Vehicle Act 1988. Therefore you should remain present in **Court No. 5 on 25/11/2013 at 11.00 A.M.** and show cause why compensation amount demanded by applicant should not be approved.
If you will fail to remain present on above mention date then this court will considered that you have nothing to say about the compensation and the court will declared one sided judgement. Kindly note this. This Notice issued today on **20/09/2013** with my signature and seal of the Court.
Court Seal
By Order
Registrar
M.A.C. Tribunal, Mumbai
9, H.S. Marg, Mumbai - 400 001.

# પાણીનો સ્ત્રોત બગાડતી કેમિકલ કંપનીઓ સામે પ્રદુષણ નિયંત્રણ બોર્ડની લાલ આંખ

## કલોલમાં ત્રણ ઉદ્યોગ સીલ કરવાના આદેશ બાદ પણ બેરોકટોક પ્રદૂષણ ફેલાવે છે : પાસા ધારા અંતર્ગત પગલા લેવા બોર્ડની રજૂઆત

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની મંજુરી મેળવ્યા વિના સિન્થેટીક ઓર્ગેનિક કેમિકલ્સનું ગેરકાયદેસર ઉત્પાદન કરી એસીડીક ગંદુ પાણીનો ખેતીલાયક જમીન તેમજ કુદરતી કાંસમા નિકાલ કરી પાણીના સ્ત્રોતને નુકશાન પહોંચાડતી કલોલની ત્રણ કંપનીઓને બંધ કરી દેવા બોર્ડે આદેશ કર્યો હતો. આમ છતાં ઉદ્યોગો દ્વારા સીલ તોડીને બેરોકટોક પાણી અને જમીનમાં પ્રદુષણ ફેલાવવામાં આવી રહ્યું છે. પર્યાવરણને નુકશાન પહોંચાડતા ઉદ્યોગકારો સામે કડક પગલા લેવા બોર્ડકક્ષાએથી જિલ્લા પોલીસવડાને પણ પત્ર લખી જાણ કરવામાં આવી છે. જ્યારે કાયદાનું પાલન ન કરતા ઉદ્યોગકારો વિરૂદ્ધ પાસા દ્વારા અંતર્ગત પગલા લેવા પણ પોલીસતંત્રને રજૂઆત કરી છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સભ્ય સચિવ હાર્દીક શાહના જણાવ્યા મુજબ કલોલ તાલુકાના છત્રાલ જી.આઈ.ડી.સી. વિસ્તાર પાછળ સ્થિત અષ્ટવિનાયક ઈન્ડસ્ટ્રીઝ, ઓમકાર ઈન્ટરમીડીયેટસ તેમજ દેવીકૃપા કેમીકલ દ્વારા પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કક્ષાએથી પર્યાવરણીય સર્ટીફીકેટ

● અનુસંધાન પાન-૭ પર



ગ્રંથ સપ્તાહ - ગ્રંથ સપ્તાહ નિમિત્તે સેક્ટર-૨૧ ગ્રંથાલય ખાતે પુસ્તક પ્રદર્શન યોજાયું. વાંચન પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. પુસ્તક માણસનો સાચો મિત્ર છે. નિરાશાને આશામાં પલ્ટાવા માટે એક માત્ર સાથી એટલે પુસ્તક... આવા પુસ્તકો માનવ જીવનમાં વૈચારિક સમૃદ્ધિ લાવે છે... (તસવીર : દિપક જાની)

**નેચરલ જામફળ જ્યુસ**
લગ્ન તેમજ શુભ પ્રસંગે આધુનિક મશીન દ્વારા લાઈવ નેચરલ જામફળ જ્યુસ
મહેમાનોનું સ્વાગત કરો જામફળ જ્યુસથી
યોગી જુનાગઢના અન્ય જ્યુસ
● સ્પે. મેંગો ● સ્પે. ઠંડાઈ
● સ્પે. પાઈનેપલ ● સ્પે. ડ્રાયફ્રુટ
● સ્પે. કાળીદ્રાક્ષ ● સ્પે. અંજીર
● સ્પે. જીરા મસાલા ● સ્પે. રાજભોગ
આપના શુભપ્રસંગે ઉપરોક્ત જ્યુસના ઓર્ડર માટે સંપર્ક
લલીત ચારણ - ૭૮૭૪૪ ૦૭૬૮૧, ગાંધીનગર

# ઘ-૨થી ગ-૨ના બિસ્માર માર્ગના મુજબૂતીકરણની માંગ

## ઉબડ-ખાબડ માર્ગ નવા સેકટરોના રહીશો માટે તોબા રૂપ : તાત્કાલિક કાર્યવાહી માટે રહીશોની ઉગ્ર રજૂઆત

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં માર્ગ નવીનીકરણના બાકી કામો હજુ શરુ ન થતા સેકટરોના ઉભા માર્ગો વાહનચાલકો માટે શિરદર્દ સમાન બન્યા છે. ઘ-૨ થી ગ-૩ તરફ જવાનો માર્ગ બિસ્માર બનતા નવા સેકટરોના નાગરિકોએ હાલાકી વેઠવી પડે છે. મગરની પીઠ સમાન આ રસ્તાનું કામ લાંબા સમયથી હાથ ન ધરાતા માર્ગ પર હવે ખાડા અસ્તિત્વમાં આવ્યા છે.

શહેરમાં મુખ્યમાર્ગો સિવાય સેકટરોના આંતરિક રસ્તાઓની હાલત અત્યંત દયનીય હોવાનો આક્રોશ ભભૂકયો છે. તથા સેકટરોના આંતરિક માર્ગોનું કામ થોડા સમય અગાઉ જ પૂર્ણ કરાયું છે. પરંતુ હજુ જુના સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનું કામ બાકી છે. શહેરી વિસ્તારના વિવિધ માર્ગોને ચકાચક બનાવવા રૂ. ૩૭ કરોડના ખર્ચે કામોને મંજુરી આપવામાં આવી છે. પરંતુ હજુ સુધી માર્ગ નવીનીકરણની કામગીરી શરુ થઈ નથી. બીજી તરફ સે-૧ થી ૬ને જોડતા ઘ-૨ થી ગ-૨ના માર્ગ પર હાલ ખાડા પડેલા અસ્તિત્વમાં આવ્યા છે. ઉબડ ખાબડ માર્ગ પર દિવસ દરમિયાન સખત ટ્રાફિકની અવર જવર રહેતી હોવાથી વાહનચાલકો માટે આ ડીસ્કો માર્ગ તોબરૂપ બની ગયો છે. છેલ્લા ૬ મહિનાથી આ માર્ગની હાલત અત્યંત દયનીય હોવાથી તથા સેકટરોમાં રહેતા નાગરિકોએ માર્ગ સુધારણાનું કામ ત્વરિત હાથ ધરાય તેવી માંગ કરી છે.





### જાહેરાત

લવારપુર જળપ્લાવિત વિસ્તાર પુનઃ સ્થાપન સમિતિ, લવારપુર, તા.જી. ગાંધીનગર ખાતે આવેલ લવારપુર ગામ તળાવ તથા જળપ્લાવિત વિસ્તારમાંથી તેના પુનઃસ્થાપન હેતુસર પાણી ખાલી કરવા (ડીવોટરીંગ)ના કામ માટે જરૂરી અનુભવ ધરાવતા તથા આવા પ્રકારના કામ કરેલ હોય તેવી સંસ્થાઓ / કોન્ટ્રાકટર પાસેથી સીલબંધ કવરમાં ભાવ તા. ૩૦/૧૧/૨૦૧૩ સુધીમાં બપોરના ૧૨-૦૦ વાગ્યા સુધી નીચેના જણાવેલ સરનામે રૂબરૂ અથવા પોસ્ટથી મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી છે. કુલ કરવામાં આવનાર કામની વિગત નીચે મુજબ છે. ભાવ ભરનાર સંસ્થાઓ / કોન્ટ્રાકટર દ્વારા ભાવના કવર સાથે પોતે આવું કામ ભૂતકાળમાં કરેલ હોય તેના આધાર-પુરાવા તથા રૂ. ૨૫૦૦૦/-નો ડી.ડી. પ્રમુખ, જળપ્લાવિત વિસ્તાર પુનઃસ્થાપન સમિતિ, લવારપુરના નામે બનાવવો.

| કામગીરીની વિગત | અંદાજીત માપ | કુલ જથ્થો |
|---|---|---|
| ડીઝલ અથવા ઈલેક્ટ્રીક પમ્પીંગથી પાણી ખાલી કરવાનું (ડીવોટરીંગ)-પાઈપ લાઈન મટેરીયલ, લેબર તથા પાણીને લીફ્ટ કરીને બહાર નિકાલ કરવા સાથેનું કામ) | રેડીયસ - ૧૦૦ મીટર એરીયા = ૩.૧૪ X ૧૦૦ X ૧૦૦ SMT પાણીની ઉંચાઈ : ૧.૫ મીટર કુલ અંદાજીત પાણીનો જથ્થો : ૪૭૧૦૦ CMT | ૪૭૧૦૦ CMT |

**પ્રમુખ,**
**લવારપુર જળપ્લાવીત વિસ્તાર પુનઃસ્થાપન સમિતિ,**
**લવારપુર ગ્રામ પંચાયત કચેરી,**
**મુ. પો. લવારપુર, તા.જિ. ગાંધીનગર - ૩૮૨૩૫૫**
**મોબાઈલ : ૯૯૨૪૨ ૪૫૨૪૨, ૭૫૬૭૮૬૬૭૮૧**

લીકેજ-મુક્ત ઘરો માટે
SEAL & DRY
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com